# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**"ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ ફેબ્રુઆરી-૨૦૨૫ પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઈન ભરવા માટેની સૂચના"**

**ફેબ્રુઆરી-૨૦૨૫ ના નિયમિત (રેગ્યુલર), વર્ષ-૨૦૧૮,૨૦૧૯,૨૦૨૦,૨૦૨૧, ૨૦૨૨, ૨૦૨૩ તથા ૨૦૨૪ ના (અનુત્તીર્ણ) રિપીટર, સેમેસ્ટર સીસ્ટમના (અનુત્તીર્ણ) રિપીટર અને વર્ષ-૨૦૧૨ તથા તે પહેલાના (અનુત્તીર્ણ) રિપીટર વિદ્યાર્થીઓના આવેદનપત્રો ઓનલાઇન ભરવાના રહેશે**

**સમયગાળો:- તા- ૨૨-૧૦-૨૦૨૪ થી ૩૦-૧૧ -૨૦૨૪**

[દરેક ઉ.મા. વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળાઓએ ઓનલાઇન આવેદનપત્રો ભરવા ફરજિયાત છે]

## (૧) વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા માટેની સૂચના

- **નિયમિત(રેગ્યુલર) વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા માટેની સૂચના**

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ ની ફેબ્રુઆરી-૨૦૨૫ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર નિયમિત ઉમેદવારના આવેદનપત્રો(ફોર્મ) પ્રવર્તમાન વિષય માળખા મુજબ ફરજિયાત ઓનલાઇન શાળા કક્ષાએથી ભરવાના રહેશે.

- **રિપીટર વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા માટેની સૂચના**:-

વર્ષ-૨૦૧૩ થી વર્ષ-૨૦૧૭ દરમિયાન વિજ્ઞાનપ્રવાહમાં ૧ થી ૪ સેમેસ્ટરના અંતે જે તે વિષય/વિષયોમાં ૧૩૨ ગુણ મેળવેલ નથી અને અનુત્તીર્ણ થયેલ છે, તેવા (સેમેસ્ટર સિસ્ટમના) વિદ્યાર્થીઓના આવેદનપત્રો પણ રિપીટરની કેટેગરીમાં is semester system repeater? ની સામે **Yes"** સિલેકટ કરી ભરવાના રહેશે.

માર્ચ-૨૦૧૮, માર્ચ-૨૦૧૯, માર્ચ-૨૦૨૦, વર્ષ-૨૦૨૧, માર્ચ-૨૦૨૨, માર્ચ-૨૦૨૩ તથા માર્ચ-૨૦૨૪ માં પ્રથમવાર પરીક્ષા આપનાર સેમેસ્ટર સિસ્ટમ સિવાયના રિપીટર વિદ્યાર્થીઓના આવેદનપત્રો is semester system repeater? ની સામે **No"** સિલેકટ કરી ભરવાના રહેશે.

માર્ચ-૨૦૧૮, માર્ચ-૨૦૧૯, માર્ચ-૨૦૨૦, વર્ષ-૨૦૨૧, માર્ચ-૨૦૨૨, માર્ચ-૨૦૨૩ તથા માર્ચ-૨૦૨૪ ના રિપીટર વિદ્યાર્થીઓને જે તે વર્ષ દરમિયાન આપવામાં આવેલ ધોરણ-૧૨ ના SID (દા.ત.18V-XXXXXX, 19V-XXXXXX, 20V-XXXXXX, 21V-XXXXXX, 22V-XXXXXX, 23V-XXXXXX, 24V-XXXXXX)ના ફીલ્ડમાં SID ભરી બાજુમાં ક્લીક કરવાથી વિદ્યાર્થીની નામની વિગત, ગ્રુપની વિગત, મીડીયમની વિગત, અગાઉ આપેલ પરીક્ષા અને તેના પરીણામની વિગત, જે વિષયોમાં અનુત્તીર્ણ હોય તે વિષયોની વિગત તથા તેમાં Appear થવા માટે Yes ની વિગત, કુલ વિષયોની વિગત આપોઆપ જ ભરાઇ જશે. ઉપરોકત વિગતમાં જો કોઇ વિસંગતતા હોય તો ફોર્મ ભર્યા બાદ નાયબ નિયામકશ્રી પરીક્ષા(વિજ્ઞાન પ્રવાહ) પાસેથી સ્પષ્ટતા મેળવી સુધારો કરવાનો રહેશે.

**ખાસ નોંધ**:- જો કોઇ અનુત્તીર્ણ વિદ્યાર્થી તમામ વિષય(પ્રાયોગિક વિષય સાથે) માં ફરીથી બેસવા(ઉપસ્થિત થવા) માંગતો હોય તો Appear in all Subject ની સામે **Yes** સિલેકટ

કરવાનું રહેશે. આવું કરવાથી તમામ વિષયોની સામે Appear Yes થઇ જશે. જે ચકાસી લેવું.

**<u>ખાસ નોંધ:-</u> સેમેસ્ટર-૧,૨,૩ અથવા ૪ માં કોઇપણ વિષય/વિષયોમાં ગેરહાજર હોય અથવા UFM** હોય એવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરી શકાશે નહી. [તેઓની આખરી તક પુરી થઇ ગયેલ છે.]

- ઓનલાઇન ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરતા પહેલા તમામ ઉમેદવારોના ફોટોગ્રાફ, સહી તથા અન્ય જરૂરી documents સ્કેન કરી તેમના ટૂંકા નામથી અથવા જી.આર નંબર પ્રમાણે save કરી એક ફોલ્ડરમાં અગાઉથી મુકી રાખવા.

  ફોટોગ્રાફની ઇમેજ 100 PXL(W) X 120 PXL(H) તથા તેની 5 KB થી વધુ અને 20 KB થી ઓછી હોવી જોઇએ. તે જ પ્રમાણે પ્રત્યેક ઉમેદવારની સહી કાળી રીફીલ ધરાવતી પેનથી સહી કરાવવી. સ્કેન કરી અલગ ફોલ્ડરમાં ઉમેદવારના ટૂંકા નામથી save કરી રાખવી. તેની સાઇઝ પણ 5 KB થી વધુ અને 20 KB થી ઓછી હોવી જોઇએ. સહીની ઇમેજ 100 PXL(W) × 120 PXL(H) તથા 5 KB થી વધુ અને 20 KB થી ઓછી હોવી જોઇએ.

ધો. ૧૦ની માર્કશીટની ઇમેજની સાઈઝ 5 KB થી વધુ અને 100 KB થી ઓછી હોવી જોઇએ.

જો આપની શાળામાં દિવ્યાંગ ઉમેદવાર હોય તો તેના દિવ્યાંગ હોવા બદલના મેડીકલ સર્જનના સર્ટીફીકેટ પણ save કરી રાખવાનાં રહેશે. સર્ટીફીકેટની ઇમેજ સાઈઝ 20 KB થી વધુ અને 200 KB થી ઓછી હોવી જોઇએ.

ઓનલાઇન આવેદનપત્ર ભરવાનો સમયગાળો તા.૨૨-૧૦-૨૦૨૪ થી ૩૦-૧૧-૨૦૨૪ ના રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી નક્કી કરવામાં આવ્યો છે.

**(૨) <u>શાળા રજીસ્ટ્રેશન અને શિક્ષક રજીસ્ટ્રેશન</u>:-**

- **શાળા રજીસ્ટ્રેશન**

શાળા રજીસ્ટ્રેશનમાં લોગીન કરવા માટે **Login ID** માં એચ.એસ.સી શાળાનો સ્કુલ ઇન્ડેક્ષ નંબર લખવાનો રહેશે અને ૨૦૨૩-૨૦૨૪ માં નવી મંજુર થયેલી અને વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ-૧૨ નો નવો વર્ગ શરૂ કરેલ હોય તેવી સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફતે ફાળવવામાં આવેલ ઇન્ડેક્ષ નંબર અને પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. જો પાસવર્ડ મેળવ્યો ન હોય તો પોતાના જિલ્લાના **DEO** કચેરીમાંથી પાસવર્ડ મેળવી લેવાનો રહેશે.

**<u>નોંધ</u>:-Student Exam** ના ફોર્મ ભરતાં પહેલા પોતાની સ્કૂલની **ONLINE SCHOOL REGISTRATION, SCHOOL Information Updation in Mobile App અને TEACHER REGISTRATION** ની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને માહિતી DEO કચેરી કક્ષાએથી Online વેરીફાઇ(ચકાસણી) કરાવવાની રહેશે. ત્યારબાદ જ આવેદનપત્રો ભરી

શકાશે. **ફકત જુન-૨૦૨૩ થી નવી શરૂ થયેલ શાળાઓએ જ જિલ્લાની શિક્ષણાધિકારી કચેરીમાંથી પાસવર્ડ મેળવવાનો રહેશે.** અને DEO કચેરીએથી Online Verification કરાવવાનું રહેશે.

અગાઉના વર્ષોમાં નોંધાયેલી અને જે શાળાઓને ઇન્ડેક્ષ નંબર ફાળવી દેવામાં આવેલ છે તેવી જૂની શાળાઓએ પોતાના જૂના ઇન્ડેક્ષ નંબર અને પાસવર્ડ દ્વારા Login કરવું અને નવા જિલ્લાની શાળાઓએ નવા મળેલ Index Number પ્રમાણે Login કરવાનું રહેશે, જો પાસવર્ડ યાદ ન હોય તો Reset password ના option પર click કરી આપનો પોતાનો પાસવર્ડ Reset કરી School Registration માં નોંધાયેલ મોબાઇલ અથવા EMAIL પર મેળવી શકશો. જે શાળાઓ દ્વારા ધો.૧૨(વિજ્ઞાન પ્રવાહ) નાં પ્રથમ ક્રમિક વર્ગ તરીકે અરજી કરેલ છે તેવી શાળાઓનો index no અને password શાળા દ્વારા અરજીમાં આપવામાં આવેલ શાળાના email address પર મોકલી આપવામાં આવેલ છે. જે શાળાઓને અગાઉ સામાન્ય પ્રવાહની મંજુરી મળી હોય અને તે જ Index number પર વિજ્ઞાન પ્રવાહની ધો-૧૨ ની મંજુરી મળી હોય તેમણે તે જ Index Number અને પાસવર્ડ વાપરવાનો રહેશે. પાસવર્ડ યાદ ન હોય તો Reset કરી લેવાનો રહેશે.

- **<u>શિક્ષક રજીસ્ટ્રેશન :-</u>**

શિક્ષક રજીસ્ટ્રેશન કર્યા બાદ જ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરી શકાશે. આચાર્યશ્રીઓને જણાવવાનું કે આપની શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાનપ્રવાહ/સામાન્ય પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહ/ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ) શાળાના મંજુર વર્ગોના આધારે નિયત મહેકમ અનુસાર નિમણૂંક પામેલા શિક્ષકોના રજીસ્ટ્રેશન ફરજિયાત કરાવવાના રહેશે.

શિક્ષક રજીસ્ટ્રેશનમાં માહિતી ભર્યા બાદ ભરેલી વિગતોની ખરાઇ આચાર્યશ્રી તેમજ સંબંધિત શિક્ષકે કરવાની રહેશે અને તેની એક નકલ શિક્ષકને આપવાની રહેશે.

નવા જોડાયેલ તમામ શિક્ષકોની નોંધણી ફરજિયાત છે. તેમજ નિવૃત, રાજીનામું, અવસાન કે અન્ય કોઈ કારણોસર શાળામાંથી કમી થયેલા શિક્ષકોની નોંધણી રદ કરવા (Inactive) અંગે કાર્યવાહી કરવી. શૈક્ષણિક અનુભવ અને બેન્ક એકાઉન્ટની વિગતો પુન: ચકાસી અધતન માહિતી ભરવી. સામાન્ય/વિજ્ઞાન પ્રવાહના કોઇ શિક્ષકની માહિતી ભરવાની બાકી હોય તો Teacher Registration Unlock કરાવવા માટે teachergseb@gmail.com પર શાળા Index Number સાથેની શાળાના લેટરપેડ પર શાળાના આચાર્યશ્રીના સહી અને સિક્કા સાથે અરજી મોકલવાની રહેશે.

- Total Teaching Experience: ની સામે 31st May, 2025 ના રોજ સુધીનો શિક્ષક તરીકેનો કુલ અનુભવ ભરવાનો રહેશે.
- “Teaching Experience In Secondary” ની સામે 31st May, 2025 ના રોજ સુધી માધ્યમિક શાળામાં શિક્ષક તરીકેનો કુલ અનુભવ ભરવાનો રહેશે.

- "Teaching Experience In Higher Secondary" ની સામે 31st May, 2025 ના રોજ સુધી ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકેનો કુલ અનુભવ ભરવાનો રહેશે.

Preferred Subject-1 અને Preferred Subject-2 ભરતી વખતે શિક્ષક જે વિષયનું શિક્ષણ કાર્ય કરતા હોય તે વિષય(વિષયકોડ) અને જે તે વિષય ભણાવવાનો અનુભવ ચોકસાઇપૂર્વક ભરવાનો રહેશે.

ઉ.દા. તરીકે શિક્ષક દ્વારા ગુજરાતી પ્રથમ ભાષા છેલ્લા પાંચ વર્ષથી ભણાવવામાં આવતી હોય તો Preferable Subject1 ની સામે વિષયકોડ 001-Gujarat(F.L) સિલેકટ કરવાનો રહેશે અને Experience of Subject 1 ની સામે અનુભવના વર્ષ 5 ભરવાના રહેશે. જેની ગણતરી પણ 31st May,2025 ના દિવસે થતા અનુભવ મુજબ કરવાની રહેશે. તથા Teacher Registration Portal પર વિગતવાર આપેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(3) સૌ પ્રથમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ www.gseb.org ઓપન કરવાની રહેશે.

(૪) તેમાં **HSC Science exam Registration** ના બટન (icon) ઉપર ક્લીક કરવું અથવા નીચે દર્શાવેલ વેબસાઇટ ઓપન કરવી.
http://hscsciexamreg.gseb.org
ઉપરની વેબસાઇટ પર ક્લીક કરવાથી **STUDENT EXAMINATION REGISTRATION** ફોર્મ નું અલગ પેજ ઓપન થશે.

(૫) **Login ID** અને **Password** એન્ટર કર્યા પછી **Login** ના **Button** પર ક્લીક કરવું.

(૬) **Student Examination Registration** ના પેજ પર HSC Science ધોરણ-૧૨ના વિદ્યાર્થી માટે ફોર્મ ભરવાનો Option દેખાશે, જેના પર ક્લીક કરવાનું રહેશે. તે ક્લીક કરતા **Student Examination Registration** નું ફોર્મ ઓપન થશે. જેમાં જમણી બાજુ આપની શાળાનો સ્કુલ ઈન્ડેક્ષ નંબર, શાળાનું નામ અને શાળાનો **Contact Number** દેખાશે. જે ચકાસી લેવું.

(૭) તેમાં નિયમિત ઉમેદવાર માટે **REGULAR** પર ક્લીક કરવું. ત્યારબાદ ઉમેદવાર જે **Group** ની પરીક્ષા આપવા માંગતા હોય તે **Group Select** કરવું. જેમાં ક્રમશ: A, B, અને AB એવી રીતે ત્રણ **Group** દેખાશે. ઉમેદવાર પોતાનો ફોટો અને સહી 5 KB થી વધુ અને 20 KB થી ઓછી Size માં અને નિયત કરેલા (**100px × 120px** વાળી) **Image** નો ઉપયોગ કરવો. ઇમેજ **Browse** કરી **upload** પર ક્લીક કરવાથી **Upload** કરેલી **Image Form** પર દેખાશે.

(૮) **Student's General Information:-**

વર્ષ-૨૦૨૩, વર્ષ-૨૦૨૨, વર્ષ-૨૦૨૧, વર્ષ-૨૦૨૦, વર્ષ-૨૦૧૯ અથવા વર્ષ-૨૦૧૮ માં(ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ માંથી) ધોરણ-૧૦ પાસ કરેલ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા માટે ખાસ સુચના

- તેઓના ધોરણ-૧૦ ના SID Number ભરવાથી નામ, જન્મતારીખ પાસ થયાની માહિતી આપો આપ ભરાઇ જશે.

**<u>વર્ષ-૨૦૧૭ અને તે પહેલાના વર્ષોમાં ધોરણ-૧૦ ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓની માહિતી શાળા દ્વારા ભરવાની રહેશે.</u>**

- જો આ માહિતીમાં સુધારો કરવો હોય તો Edit Button પર કલીક કરવાનું રહેશે.
  - વિદ્યાર્થીની **Surname, Name** અને **Father's Name, Date of Birth, Joining Date in School** ટાઇપ કરવાનું ફરજિયાત છે. અન્ય રાજ્યોના/બોર્ડના વિદ્યાર્થીઓએ First Name, Middle Name અને Last Name ના ક્રમમાં નામ લખવા. માર્કશીટમાં(Surname, Name અને Father Name) ના ક્રમમાં નામ પ્રિન્ટ થશે. ધોરણ-૧૦ ની માર્કશીટમાં જે પ્રમાણે નામ હોય તે જ પ્રમાણે લખવું.
  - Student Id અને Application No.માં આચાર્યશ્રીએ કોઇ પણ એન્ટ્રી કરવાની રહેશે નહી. ફોર્મ save કર્યા પછી કોમ્પ્યુટરમાં પોતાની મેળે Student ID અને એપ્લીકેશન નંબર ફાળવશે. સ્કુલ **Joining Date in School** માં ઉચ્ચતર માધ્યમિક શાળામાં દાખલ થયા મુજબની તારીખ એન્ટર કરવી.
  - વિદ્યાર્થીએ જે **Medium** માં અભ્યાસ કર્યો હોય અને પરીક્ષા આપવાનો હોય તે **Medium Select** કરવું.
  - **Fathers Profession** અને **Fathers Income** માં યોગ્ય માહિતી **Select** કરી ભરવી.(સદર Profession માં Income ની વિગતમાં જે Guardian હોય તેની વિગત ભરી શકાશે.)
  - **G.R.No.** માં જે-તે વિદ્યાર્થીનો **HSC** માટેનો **G.R. No.** લખવો ફરજિયાત છે.
  - **Male / Female** ના યોગ્ય **Button** પર **Click** કરી **Select** કરવું.
  - પરીક્ષાર્થીનો **Aadhar Card Number** તેના બોક્ષમાં ભરવાનો રહેશે. **(Aadhar Card Number ભરવો ફરજીયાત નથી).**
  - **Domicile** માં વિદ્યાર્થીએ મુળ વતન **Select** કરવાનું રહેશે.
  - જો વિદ્યાર્થી **BPL** વિદ્યાર્થી હોય તો **BPL** પર **(Yes) Select** કરી **BPL Card Number Enter** કરવાનો રહેશે.
  - જો ઉમેદવાર **Minority Candidate** હોય તો **(Yes) Select** કરી જે તે વિકલ્પ Select કરવો.
  - જો વિદ્યાર્થી વિધવા માતાનું સંતાન હોય તો **(Yes) Select** કરવાનું રહેશે.
  - Child UID (CTS) માં ૧૮ આંકડાનો SSA ની Child Tracking System મુજબ વિદ્યાર્થીનો જે નોંધણી નંબર હોય તે ભરવાનો રહેશે. (આ માહિતી ભરવી ફરજીયાત છે.)

    **<u>નોંધ</u>:- Child UID Number ભરવાથી Child Tracking System(CTS) માં આપના દ્વારા ભરવામાં આવેલ વિદ્યાર્થીના નામ મુજબનું નામ દેખાશે. જો Child Tracking System(CTS) મુજબના તેના નામમાં કોઇ સુધારો હોય અને Child**

**Tracking System(CTS) માં સુધારો કરાવવાનો થતો હોય તો તેવા કિસ્સામાં તાલુકા કક્ષાએ BRC ભવન ખાતે કામ કરતા બ્લોક MIS નો સંપર્ક કરી Child Tracking System(CTS) માં નામ સુધારો કરી શકશો. Child Tracking System(CTS) માંથી દર્શાવેલ વિદ્યાર્થીનું નામ ફકત આપની જાણ અને ચકાસણી માટે છે. જેથી વિદ્યાર્થીનો Child UID Number ભરવામાં ભૂલ થવાની શક્યતા રહે નહીં.**

*** બોર્ડની માર્કશીટમાં આપે બોર્ડના ફોર્મમાં દર્શાવેલ નામ મુજબનું જ નામ રહેશે (Child Tracking System મુજબનું નહી).**

(૯) **Contact Information:-**

કોન્ટેક્ટ ઇનફોર્મેશનમાં વિદ્યાર્થીના રહેઠાણનું સરનામું **Father's / Mother's / Guardian's Permanent Address** ના કોલમમાં ગામનો પીનકોડ, જિલ્લાના નામ સહિત દર્શાવવું.

(૧૦) **Physical Disability Information:-**

**Physical Disability Detail** માં જો ઉમેદવાર 40% થી વધુ વિકલાંગતા ધરાવતા હોય તો Is Disabled? ના સામે YES માં ક્લીક કરવું. ત્યારબાદ DISABILITY ટાઇપમાં ચારમાંથી જે લાગુ પડતુ હોય તે ડ્રોપબોક્ષમાંથી સીલેક્ટ કરી ક્લીક કરવાનું રહેશે. વિકલાંગતાનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર save કરેલ હોય ત્યાંથી બ્રાઉઝના બોક્ષ પર ક્લીક કરીને તેજ ફાઇલમાં અપલોડ કરવાનું રહેશે તથા Image ની **Size 20 KB થી વધુ અને 200 KB** થી ઓછી હોવી જોઇએ.

(૧૧) **Standard 10th passing information:-**

વિદ્યાર્થીઓએ પાસ કરેલ SSC બોર્ડની પરીક્ષાની માહિતી ભરવાની રહેશે. જેમ કે પાસ કરેલ પરીક્ષાનો વર્ષ, કયા બોર્ડમાંથી SSC પરીક્ષા પાસ કરેલ છે, તેનો સીટ નંબર લખવો ફરજિયાત છે. તેમજ Handicap નો લાભ મળેલ હોય તે પણ દર્શાવવાનું રહેશે. **અન્ય બોર્ડમાંથી આવેલ વિદ્યાર્થીઓના માઇગ્રેશન સર્ટીફીકેટ તથા સમકક્ષતા સર્ટીફીકેટ/જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર upload કરવાના રહેશે. બંને સર્ટીફીકેટ ની Size 5 KB થી વધુ અને 100 KB થી ઓછી હોવી જોઇએ.**

(૧૨) **Standard 11th passing Information**:-

ધોરણ ૧૧ પાસ થયાની વિગત ભરવાની રહેશે. જેમ કે પાસ કરેલ પરીક્ષાનો મહિનો, વર્ષ અને સ્કુલનો Index Number અને Group સીલેકટ કરી ભરવાનું રહેશે. વર્ષ-૨૦૨૩-૨૪ માં ધોરણ-૧૧ માં Promote થયેલા વિદ્યાર્થીઓ માટે Passing Year માં ૨૦૨૪ તથા Month માં April ભરવાનું રહેશે.

(૧૩) **Select Subject for current Exam :-**

- Subject Group અને Subject માં દર્શાવેલ Subject પર ક્લીક કરતા Subject Code અને Language ઓટોમેટીક દેખાશે. **(નોંધ:- શાળાએ વિદ્યાર્થીના Subject અને Group ધ્યાનથી અને ચોકસાઈ પૂર્વક Select કરવાના રહેશે.)** Subject Select કર્યા બાદ વિદ્યાર્થીઓ દ્વારા કુલ કેટલા Subject સિલેક્ટ કર્યા છે તે ટોટલ Subject ના ખાનામાં દેખાશે. તેમજ તેમાંથી કેટલા Subject થીયરીના અને પ્રેક્ટીકલના છે તે પણ અલગ-અલગ દેખાશે.
- જે માધ્યમના ઉમેદવારનું આવેદનપત્ર ભરતા હોય તે સિલેકટ કર્યા બાદ આ મુજબની સ્ક્રીન દેખાશે. દા.ત. ગુજરાતી માધ્યમના વિષયો માટે
    (1) ગ્રુપ-1 માટે 013. ENGLISH S.L આપમેળે આવશે.
    (2) ગ્રુપ-3 માટે A, B અથવા AB પ્રમાણેના વિષયો આપમેળે આવશે. તે પૈકી ઉમેદવારનો ગ્રુપ પસંદ કરવો.
    (3) ગ્રુપ-2 માંથી ૧ વિષય પંસદ કરી ADD કરવાનો રહેશે.
- ઉપર જણાવેલ વિષયો અંગ્રેજી માધ્યમ સિવાયની અન્ય માધ્યમની શાળાઓના છે. તે જ પ્રમાણે અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે FIRST LANGUAGE 006 - અંગ્રેજી રહેશે. Practical Subject(પ્રાયોગિક વિષય) હોય તો તે Theory Subject(સૈધ્ધાંતિક વિષય) Select કરતી વખતે Computer દ્વારા જાતે જ ફાળવવામાં આવશે. જેની ચકાસણી કરવી. ધો-૧૦ ની માર્કશીટ Browse કરી Add કરવી ફરજિયાત છે.

**(૧૪) <u>વિદ્યાર્થીના ફી નો દર નીચે મુજબ છે.</u>**

| | | |
|---|---|---|
| 1. | નિયમિત વિદ્યાર્થી | રૂ.૬૯૫/- ફી |
| 2. | નિયમિત રિપીટર (એક વિષય) | રૂ.૨૧૦/- ફી |
| 3. | નિયમિત રિપીટર (બે વિષય) | રૂ.૩૪૫/- ફી |
| 4. | નિયમિત રિપીટર (ત્રણ વિષય) | રૂ.૪૮૫/- ફી |
| 5. | નિયમિત રિપીટર (ત્રણ વિષય કરતા વધારે) | રૂ.૬૯૫/- ફી |

**<u>નોંધ</u>:- ઉપરોકત દર્શાવેલ ફી ઉપરાંત પ્રાયોગિક વિષયની ફી પ્રાયોગિક વિષયદીઠ રૂ.૧૨૫/-(એકસો પચીસ) રહેશે.**

**<u>ફી સંદર્ભે ખાસ સૂચના:-</u>**

- વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લેવાની થતી નથી. વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓના ફોર્મમાં તેની પરીક્ષા ફી ની વિગત ચકાસી લેવી જે શૂન્ય રહેશે. આ રકમ આપને ચલણમાં આપોઆપ બાદ થયેલ (Exemption For ની નીચે) દેખાશે અને કુલ બાદ મળેલ

રકમ(Total Amount Exempted ની સામે) દેખાશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ, દિવ્યાંગ વિદ્યાર્થીનીઓ અને અન્ય વિદ્યાર્થીનીઓની બાદ થયેલી રકમનો રીપોર્ટ ઉપરના મેન્યુ માં રીપોર્ટ સેકશનમાં Fee Exemption Report ની અંદર દેખાશે. જે Download કરી આપની પાસે સાચવી રાખવાની રહેશે.

- શાળા દ્વારા અગાઉ ઓનલાઇન અથવા ચલણથી ભરવામાં આવેલ(તથા બોર્ડ દ્વારા verify કરવામાં આવેલ) રકમ Total Amount Paid ની સામે દેખાશે.
- નીચેનામાંથી કોઇપણ પ્રકારની વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓની ફી લેવાની થતી નથી.
  - i. Regular
  - ii. Repeater
  - iii. Repeater(Semester System)
  - iv. Repeater Older than 2012

*** ઉપરોકત કોઇપણ પ્રકારના વિદ્યાર્થીને Late Fee માંથી મુક્તિ મળશે નહી.**

(૧૫) **Certificate:-**

પ્રવેશ મેળવતી વખતે રજૂ કરેલ SSC ની માર્કશીટ અપલોડ કરવી ફરજિયાત છે. જે Browse પર ક્લીક કરી Upload પર ક્લીક કરી Upload કરવાની રહેશે.

(૧૬) **Candidate Sign:-**

- CANDIDATE SIGN – BROWSE કરી UPLOAD કરવી.
  ત્યારબાદ ફોર્મ save કરવું.
- **Save** કર્યા પછી વિદ્યાર્થીનો I.D. NO. નોંધ રાખવી. શાળાના અન્ય વિધાર્થીનું ફોર્મ ભરવા માટે Add New Record ના બટન પર ક્લીક કરવાનુ રહેશે. આ રીતે એક પછી એક વિધાર્થીના ફોર્મ ભરી શકાશે.
  ફી Detail ની અંદર નિયત ફી દેખાશે.
- Student Application No. અને Student Id આ બન્ને નંબરો આપની કક્ષાએ નોંધી રાખવાના રહેશે.
  - **Student I.D –00/0001/04/25/123456**
    (છેલ્લા ૬ અંક G.R. નંબર છે)
    **Student Application no. (એપ્લીકેશન ક્રમ નંબર): HS/RG/00/0001/04/25/000001**

- **Application ની Print લેવા માટે :-**
  - મુખ્ય પેજ ઉપર આવેલ Menu Bar પર આવેલા Options માંથી Principal Approval પર click કરવું.
  - Exam month and year અને વિદ્યાર્થીની કોઈ પણ વિગત Select અથવા એન્ટર કરવી અને Search પર ક્લીક કરવુ. નીચે બોક્ષમાં વિદ્યાર્થીઓની તમામ વિગતો Student. I.D, STD., Application No. વગેરે દેખાશે. જેને view પર કલીક કરી ત્યારબાદ પ્રિન્ટ

પર ક્લીક કરી શાળાએ વિદ્યાર્થીના આવેદનપત્રની પ્રિન્ટ કાઢવાની રહેશે. ત્યારબાદ view પર ક્લીક કરવુ. અને print પર ક્લીક કરવુ. Principal Approval કરવા માટે Principal Approval સામેના ચેક બોકસ પર ક્લીક કરવુ. માત્ર Principal Approval વાળા વિદ્યાર્થીઓની યાદી જ માન્ય ગણવામાં આવશે. **Principal Approval કરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓની હોલટિકિટ ફાળવવામાં આવશે નહી.**

➢ **<u>Application માં Edit કરવા માટે:-</u>**

એપ્લીકેશનની Edit કરવા માટે Menu bar માં Search and Edit માં જવું અને HSC Science અને exam month and year **<u>Year – 2025</u>** સીલેક્ટ કરી search પર ક્લીક કરવું. પછી Edit પર ક્લીક કરવુ અને application edit કર્યા પછી Save પર ક્લીક કરવુ.

➢ Principal Approval ન થયા હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા ફોર્મના ઉપરના ભાગે દેખાશે.

➢ Principal Approval ન થયા હોય તેવા વિદ્યાર્થીઓનો સમાવેશ ચલાણમાં થશે નહી જેની નોંધ લેવી.

(૧૬) **<u>Payment:-</u>**

➢ Payment Option માં (Enrolment અને Registration Fees) માં જઇ **ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા તથા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વર્ગોની કુલ સંખ્યા ભરવાની રહેશે.** Edit પર Click કરી સંખ્યા ચકાસી/ભરી Save કરવાની રહેશે. Fee Report માં કુલ ભરવાની થતી રકમ ચકાસીને તે મુજબની ફી SBI e-Pay ના Online તથા બ્રાન્ચ Payment Option મારફતે ભરવાની રહેશે.

## <u>ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના મુખ્ય પ્રકાર</u>

### <u>નિયમિત વિદ્યાર્થીઓ:</u>

૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૦ ની પરીક્ષામાં પ્રથમવાર માર્ચ-૨૦૧૮ અથવા માર્ચ-૨૦૧૯ અથવા માર્ચ-૨૦૨૦ અથવા વર્ષ-૨૦૨૧ અથવા વર્ષ-૨૦૨૨ અથવા વર્ષ-૨૦૨૩ માં ઉપસ્થિત થયા હોય એટલે કે ધોરણ-૧૦ નો SID Number(Example:- 18S-99-99999 અથવા 19S-99-99999 અથવા 20S-99-99999 અથવા 21S-99-99999 અથવા 22S-99-99999 અથવા 23S-99-99999) ધરાવતા હોય અને માર્ચ-૨૦૧૮, જુલાઇ-૨૦૧૮, માર્ચ-૨૦૧૯, જુલાઇ-૨૦૧૯, માર્ચ-૨૦૨૦, જુલાઇ-૨૦૨૦, વર્ષ-૨૦૨૧, માર્ચ-૨૦૨૨, જુલાઇ-૨૦૨૨, માર્ચ-૨૦૨૩, જુલાઇ-૨૦૨૩ માં ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરેલ હોય અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ-૧૨ માં પ્રથમવાર નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ

૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૦ ની પરીક્ષામાં પ્રથમવાર માર્ચ-૨૦૧૭ કે તે પહેલા ઉપસ્થિત થયા હોય એટલે કે ધોરણ-૧૦નો SID Number ના ધરાવતા હોય અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ-૧૨ માં પ્રથમવાર નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ

૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના **અન્ય સમકક્ષ બોર્ડમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરેલ હોય** અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી આપનાર અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ-૧૨ માં નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ

રિપીટર વિદ્યાર્થીઓ:

૪) માર્ચ-૨૦૧૮, માર્ચ-૨૦૧૯, માર્ચ-૨૦૨૦, વર્ષ-૨૦૨૧, માર્ચ-૨૦૨૨, માર્ચ-૨૦૨૩ તથા માર્ચ-૨૦૨૪ માં પ્રથમવાર ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા આપેલ હોય તેવા સેમેસ્ટર સિસ્ટમ સિવાયના રિપીટર વિદ્યાર્થીઓ. ( Example : SID Number 18V-XXXXXX ,19V-XXXXXX , 20V-XXXXXX , 21V-XXXXXX, 22V-XXXXXX , 23V-XXXXXX, 24V-XXXXXX)

૫) વર્ષ-૨૦૧૩ થી વર્ષ-૨૦૧૭ દરમિયાન વિજ્ઞાનપ્રવાહમાં ૧ થી ૪ સેમેસ્ટરના અંતે જે તે વિષય/વિષયોમાં ૧૩૨ ગુણ મેળવેલ નથી અને અનુત્તીર્ણ થયેલ છે, તેવા (સેમેસ્ટર સિસ્ટમના) રિપીટર વિદ્યાર્થીઓ ( Example : SID Number 11V-XXXXXX થી 15V-XXXXXX)

**૬) માર્ચ-૨૦૧૨ કે તે પહેલાના વર્ષમાં પ્રથમવાર ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપેલ હોય અને ચાલુ વર્ષે રિપીટર તરીકે પરીક્ષા આપવા ઇચ્છતા હોય તેવા રિપીટર વિદ્યાર્થીઓ**

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના પ્રકાર તથા ઓનલાઇન આવેદનપત્ર ભરવાની મુખ્ય સૂચનાઓ

નિયમિત વિદ્યાર્થીઓ:

૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૦ ની પરીક્ષામાં પ્રથમવાર માર્ચ-૨૦૧૮ અથવા માર્ચ-૨૦૧૯ અથવા માર્ચ-૨૦૨૦ અથવા વર્ષ-૨૦૨૧ અથવા માર્ચ-૨૦૨૨ અથવા માર્ચ-૨૦૨૩ માં ઉપસ્થિત થયા હોય એટલે કે ધોરણ-૧૦નો **SID Number (Example:- 18S-99-99999** અથવા **19S-99-99999** અથવા **20S-99-99999, 21S-99-99999** અથવા **22S-99-99999** અથવા **23S-99-99999)** ધરાવતા હોય અને માર્ચ-૨૦૧૮, જુલાઇ-૨૦૧૮, માર્ચ-૨૦૧૯, જુલાઇ-૨૦૧૯,માર્ચ-૨૦૨૦, જુલાઇ-૨૦૨૦ ,વર્ષ-૨૦૨૧, માર્ચ-૨૦૨૨, જુલાઇ-૨૦૨૨ તથા માર્ચ-૨૦૨૩, જુલાઇ-૨૦૨૩ માં ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરેલ હોય અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ-૧૨ માં પ્રથમ વખત નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ **Option Select** કરવા.

**Type of Student** : Regular
**Group :** : A, B અથવા AB
**Board** : GSHSEB

**First Appearing Year For Std 10th : 2018 , 2019, 2020, 2021, 2022, 2023**

ત્યારબાદ ધોરણ-૧૦નો SID Number (Example:- 18S-99-99999 અથવા 19S-99-99999 અથવા 20S-99-99999 અથવા 21S-99-99999, 22S-99-99999, 23S-99-99999 ) ભરવાનો રહેશે.

ઉપરોકત વિગતો ભરવાની વિદ્યાર્થીનું પૂરું નામ, જન્મ તારીખ, ધોરણ-૧૦ પાસ કર્યાનો મહિનો-વર્ષ, બેઠક નંબર, બોર્ડ, શાળાનો ઇન્ડેક્ષ નંબર જેવી માહિતી આપોઆપ ભરાઇ જશે, જે ચકાસી વિદ્યાર્થીની ધોરણ-૧૦ની અસલ માર્કશીટ સાથે સરખાવી આવેદનપત્ર ભરવાનું રહેશે. જો આ માહિતીમાં કોઇ વિસંગતતા જણાય તો નાયબ નિયામકશ્રી (વિજ્ઞાનપ્રવાહ)નો સંપર્ક કરવાનો રહેશે.

**૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૦ ની પરીક્ષામાં પ્રથમવાર માર્ચ-૨૦૧૭ કે તે પહેલા ઉપસ્થિત થયા હોય એટલે કે ધોરણ-૧૦નો SID Number ના ધરાવતા હોય અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ-૧૨ માં પ્રથમવખત નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા**

**Type of Student** : Regular
**Group :** : A, B અથવા AB
**Board** : GSHSEB

**First Appearing Year For Std 10th :** 2017 અથવા તે પહેલા જયારે પણ પ્રથમવાર ધોરણ-૧૦ની પરીક્ષામાં ઉપસ્થિત થયા હોય તે વર્ષ Select કરવું.
ત્યારબાદ રાબેતા મુજબનું આવેદનપત્ર તમામ વિગતો સાથે ભરવાનું રહેશે.

**3) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના અન્ય સમકક્ષ બોર્ડમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરેલ હોય અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી આપનાર હોય અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ-૧૨ માં પ્રથમવખત નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેવા તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા.**

**<u>Type of Student</u>** : Regular

**<u>Group</u> :** : A, B અથવા AB

**<u>Board</u>** : List માંથી જે તે બોર્ડ Select કરવું

ત્યારબાદ રાબેતા મુજબનું આવેદનપત્ર તમામ વિગતો તમામ દસ્તાવેજો ચકસી ભરવાનું રહેશે.

## <u>રિપીટર વિદ્યાર્થીઓ:</u>

૪) માર્ચ-૨૦૧૮, માર્ચ-૨૦૧૯, માર્ચ-૨૦૨૦, વર્ષ-૨૦૨૧, માર્ચ-૨૦૨૨, માર્ચ-૨૦૨૩ તથા માર્ચ-૨૦૨૪ માં પ્રથમવાર ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપેલ હોય તેવા સેમેસ્ટર સિસ્ટમ સિવાયના રિપીટર <u>વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ **Option Select** કરવા</u>**.**

**( Example : SID Number 18V-XXXXXX, 19V-XXXXXX , 20V-XXXXXX, 21V-XXXXXX, 22V-XXXXXX, 23V-XXXXXX, 24V-XXXXXX)**

**<u>Type of Student</u>** : Repeater
**<u>Is Semester System Repeater</u>** ? : No
**<u>Group</u> :** : A, B અથવા AB

ત્યારબાદ SID Number ભરી વિદ્યાર્થીનું આવેદનપત્ર ભરવાનું રહેશે.

<u>ખાસ નોંધ:</u>**(૧)**વિદ્યાર્થીનો **SID Number** ભરવામાં કોઇપણ પ્રકારની ભૂલ ન થાય તેની ખાસ કાળજી લેવા જણાવવામાં આવે છે.

**(૨)** તમામ વિષયમાં ઉપસ્થિત થવા ઇચ્છતા હોય તો તમામ વિષય ભરી તેની સામે **“Yes”** દર્શાવવાનું રહેશે.**(**અને **To Appear In all Subject** ની સામે પણ **“Yes”** દર્શાવવાનું રહેશે.**)**

૫) <u>વર્ષ-૨૦૧૩ થી વર્ષ-૨૦૧૭ દરમિયાન વિજ્ઞાનપ્રવાહમાં ૧ થી ૪ સેમેસ્ટરના અંતે જે તે વિષય/વિષયોમાં ૧૩૨ ગુણ મેળવેલ નથી અને અનુત્તીર્ણ થયેલ છે, તેવા (સેમેસ્ટર સિસ્ટમના) રિપીટર વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ **Option Select** કરવા. **( Example : SID Number : 11V-999999 or 12V-999999 or 13V-999999 or 14V-999999 or 15V-999999)**</u>

**<u>Type of Student</u>** : Repeater
**<u>Is Semester System Repeater</u>** ? **:** Yes
**<u>Group</u> :** : A, B અથવા AB

ત્યારબાદ SID Number ભરી વિદ્યાર્થીનું આવેદનપત્ર રાબેતા મુજબ તમામ વિગતો ચકાસી ભરવાનું રહેશે. જેમાં વિદ્યાર્થીના વિષય માળખા મુજબના તથા પરિણામમાં દર્શાવ્યા મુજબના તમામ વિષયો ભરવાના રહેશે તથા જે વિષયોમાં ઉપસ્થિત થવાનું છે તેમાં "Appear" ની સામે "Yes" દર્શાવવાનું રહેશે અને પાસ થયેલા વિષયો કે જેમાં ઉપસ્થિત થવાનું નથી અને Exemption છે તે વિષયની સામે "No" દર્શાવવાનું રહેશે. ફકત ઉપસ્થિત થવાના Theory Subject અને practical Subject ની સંખ્યા ચકાસવાની રહેશે. તેમજ તે મુજબની ફી ભરવાની રહેશે.

<u>ખાસ નોંધ</u>:**(૧)વિદ્યાર્થીનો SID Number તથા વિષયો ભરવામાં કોઇપણ પ્રકારની ભૂલ ન થાય તેની ખાસ કાળજી લેવા જણાવવામાં આવે છે.**

**(૨) તમામ વિષયમાં ઉપસ્થિત થવા ઇચ્છતા હોય તો તમામ વિષય ભરી તેની સામે "Yes" દર્શાવવાનું રહેશે.(અને To Appear In all Subject ની સામે પણ "Yes" દર્શાવવાનું રહેશે.)**

**૬) માર્ચ-૨૦૧૨ કે તે પહેલાના વર્ષમાં પ્રથમવાર ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપેલ હોય અને ચાલુ વર્ષે રિપીટર તરીકે પરીક્ષા આપવા ઇચ્છતા હોય તેવા રિપીટર <u>વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા</u>. ( જે વિદ્યાર્થીઓ પાસે SID NUMBER નથી તેવા વિદ્યાર્થીઓ)**

| | | |
|---|---|---|
| **<u>Type of Student</u>** | : | Repeater |
| **<u>Is Semester System Repeater</u>** ? | **:** | Repeater Older than March-2012 |
| **<u>Group</u> :** | : | A, B અથવા AB |

ત્યારબાદ વિદ્યાર્થી છેલ્લી પરીક્ષાની માર્કશીટ અપલોડ કરી તેના Seat Number ના આધારે આવેદનપત્ર ભરવાનું રહેશે. જેમાં વિદ્યાર્થીના વિષય માળખા મુજબના તમામ વિષયો ભરવાના રહેશે તથા જે વિષયોમાં ઉપસ્થિત થવાનું છે તેમાં "Appear" ની સામે "Yes" દર્શાવવાનું રહેશે અને પાસ થયેલા વિષયો કે જેમાં ઉપસ્થિત થવાનું નથી અને Exemption છે તે વિષયની સામે "No" દર્શાવવાનું રહેશે. ફકત ઉપસ્થિત થવાના Theory Subject અને practical Subject ની સંખ્યા ચકાસવાની રહેશે. તેમજ તે મુજબની ફી ભરવાની રહેશે.

<u>ખાસ નોંધ</u>: **તમામ વિષયમાં ઉપસ્થિત થવા ઇચ્છતા હોય તો તમામ વિષય ભરી તેની સામે "Yes" દર્શાવવાનું રહેશે.(અને Appear In all Subject ની સામે પણ "Yes" દર્શાવવાનું રહેશે.)**

**અભ્યાસક્રમ અંગેની ખાસ નોંધ**:-

- તમામ પ્રકારના(રેગ્યુલર, રિપીટર અને પૃથક(Isolated) પરીક્ષાર્થીઓ માટે વિષયકોડ ૦૫૦(ગણિત), ૦૫૨(રસાયણવિજ્ઞાન), ૦૫૩(રસાયણવિજ્ઞાન પ્રાયોગિક), ૦૫૪(ભૌતિકવિજ્ઞાન), ૦૫૫(ભૌતિકવિજ્ઞાન પ્રાયોગિક), ૦૫૬(જીવવિજ્ઞાન), ૦૫૭(જીવવિજ્ઞાન પ્રાયોગિક), અને ૦૦૨(હિન્દી પ્રથમ ભાષા) અને ૦૦૬(અંગ્રેજી પ્રથમ ભાષા) માટે NCERT દ્વારા ઘટાડેલા અભ્યાસક્રમ મુજબનો માર્ચ-૨૦૨૪ ની પરીક્ષાથી અમલી અભ્યાસક્રમ ફેબ્રુઆરી-૨૦૨૫ ની પરીક્ષા માટે પણ અમલી રહેશે.
- ઉપરોકત અભ્યાસક્રમ બાબતે વિદ્યાર્થી અને વાલીને આવેદનપત્ર ભરી સમજણ આપી જાણ કરવાની રહેશે.
- શાળાના આચાર્યશ્રીને ખાસ જણાવવાનું કે આવેદનપત્રમાં ભરવામાં આવેલી માહિતીની ખરાઇ વિદ્યાર્થી અને વાલી સાથે કરવાની રહેશે અને ત્યારબાદ જ Principal Approval કરવાનું રહેશે. આવેદનપત્રની એક નકલ શાળા પાસે સાચવી રાખવાની રહેશે અને એક નકલ વિદ્યાર્થીને ફરજિયાત આપવાની રહેશે.

**પૃથક (આઇસોલેટેડ) ઉમેદવાર:-**

ગુજરાત બોર્ડમાં "B" ગ્રુપ સાથે પાસ થયેલ ઉમેદવાર ગણિત વિષયની પરીક્ષા પૃથક (આઇસોલેટેડ) વિદ્યાર્થી તરીકે આપી શકે છે. ઉપરાંત વિજ્ઞાનપ્રવાહના મુખ્ય વિષયો કે જે પ્રાયોગિક પાસુ ધરાવે છે તે સિવાયના વિષયની પરીક્ષા પૃથક(આઇસોલેટેડ) ઉમેદવાર તરીકે આપી શકે છે. પૃથક ઉમેદવારના આવેદનપત્રો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની વિજ્ઞાનપ્રવાહ શાખામાં રૂબરૂ(ઓફલાઇન) નીચેના દસ્તાવેજો સાથે ભરી શકાશે.

1. ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ જ્યાંથી પાસ કરેલ હોય તે શાળાના લેટરપેડ પર પરીક્ષાર્થીને જે વિષયની પરીક્ષા આપવાની છે તેની વિગત
2. ધો.૧૦ તથા ધો-૧૨(વિજ્ઞાનપ્રવાહ) ની પાસ થયાની માર્કશીટ
3. બોર્ડની વેબસાઇટ પર મૂકેલ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના પૃથક ઉમેદવારનું ફોર્મ આચાર્યશ્રીના સહિ-સિક્કા સાથે સંપૂર્ણ વિગતો ભરીને બોર્ડની કચેરીની વિજ્ઞાનપ્રવાહ શાખાનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

## શાળાએ નીચે મુજબના Documents સાચવી રાખવાના રહેશે અને બોર્ડ સૂચના આપે તે મુજબ મોકલી આપવાના રહેશે.

**1. School Registration Confirmation**

Online School Registration ના ફોર્મમાં શાળાએ પોતાની હાલની માહિતી Update કરી બોર્ડને પ્રિન્ટ બોર્ડ જણાવે ત્યારે મોકલી આપવાની રહેશે. Save Button ની નીચે Confirmation નુ ચેક બોકસમાં ટીક કરવાનુ રહેશે.

**2. Student Registration Form**

વિદ્યાર્થીના Registration Form ની એક કોપી શાળાએ પોતાની પાસે યાદીમાં રાખવી. અને વિદ્યાર્થીઓની યાદીનો Report પ્રિન્ટ કરી સાચવી રાખવાની રહેશે. (બોર્ડ જણાવે ત્યારે રજૂ કરવાના રહેશે.)

- વિકલાંગ વિદ્યાર્થીના વિકલાંગતા સર્ટીફીકેટ વિગેરે ચકાસી ખરી નકલ કરી અને બોર્ડ જણાવે ત્યારે મોકલી આપવાની રહેશે
- ગુજરાત બોર્ડ સિવાયના બોર્ડમાંથી ધોરણ-૧૦ પાસ કરીને આવેલ વિદ્યાર્થીના ગુણપત્રક/પ્રમાણપત્ર/માઇગ્રેશન વિગેરે ખરાઇ કરી તેની નકલો બોર્ડ જણાવે ત્યારે મોકલી આપવાની રહેશે.

**3 SBI E-Pay Receipt Copy**

શાળા દ્વારા ચૂકવાયેલ છેલ્લા Payment ની Receipt તથા **Pending Fee** 00 (શૂન્ય) વાળા **Fees Report** ની બે કોપી બોર્ડ જણાવે ત્યારે મોકલી આપવાની રહેશે.

**નાયબ નિયામક(પરીક્ષા)**
**ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ**
**પરીક્ષા વિભાગ**
**ગાંધીનગર**